ગુજરાત સરકાર

# ગુજરાત

## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### ઈકોસિસ્ટમ

01
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ

02
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### ક્ષેત્રીય આગેવાની

03
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### નીતિ આધારિત અભિગમ

04
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર

05
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### સસ્ટેનેબિલિટી

06
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુન:પ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુન:પ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### ઇઝ ઑફ લિવિંગ

07
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### બહુચર્ચીત નકલી N A માં તપાસ દરમિયાન સરકારી જમીનમાં દબાણનું કૌભાંડ મામલે

# દાહોદના કસ્બા સાંગા ફળિયામાં ખાનગી નંબરને સરકારી જમીનમા ભેળવી પાકા મકાનો બનાવી દેવાયા :૫૮ મિલકત ધારકોને ૧૫ દિવસમાં દબાણ દૂર કરવા મામલતદારનો આદેશ

દાહોદ,

દાહોદમાં બહુચર્ચિત નકલી N A પ્રકરણ સામે આવ્યા બાદ અત્યારે તંત્ર દ્વારા જમીન કૌભાંડમાં હકીકતલક્ષી અહેવાલ મેળવવા માટે રિઝર્વની કામગીરી ચાલી રહી છે દરમિયાન એજ્યુકેટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર દાહોદએ કોર્ટ દ્વારા સાંગા ફળિયામાં સરકારી જમીનમાં કરવામાં આવેલા પાકા બાંધકામો ૧૫ દિનમાં દૂર કરવા માટે ૫૮ થી વધુ મિલકત ધારકોને નોટિસો ફટકારવામાં આવી



છે.જેના પગલે સાંગા ફળિયામાં મિલકતો વેચાતી લેનાર મિલકત ધારકોના પુનઃએક વખત જીવ પડીકે બંધાઈ ગયા છે.

દાહોદ કસબાના સાંગા ફળિયામાં આવેલ રેવન્યુ સર્વે નંબર ૧૦૦૩ સરકારી પડતર અને રસ્તા પૈકીની જમીન હોવાનું ફલિત થવા પામ્યું છે.સરકારી જમીન ઉપર ઉભા કરવામાં આવેલા પાકી દુકાનો ગોડાઉન વિગેરે બાંધકામને સ્વખર્ચે દૂર કરવા જમીન મહેસુલ કાયદાની કલમ ૬૧ હેઠળ દબાણદારોને સ્વખર્ચે દબાણ દૂર કરવા નોટિસ આપવામાં આવી હતી.તંત્ર દ્વારા અપાયેલી નોટિસ બાદ સાંગા ફળિયાના મિલકત ધારકોમાં આક્રોશ સાથે ગમગીની ફેલાઈ જવા પામી હતી.એટલું જ નહીં વર્ષોની મૂડી હોમાઈ જશે ની બીકે ઉપરોક્ત સર્વે નંબરમાં આવેલ ૫૮ થી વધુ મિલકત ધારકો દ્વારા પોતે જ માલિક છે. તેમની પાસે સરકારી દસ્તાવેજો તેમજ અન્ય સરકારી ડોક્યુમેન્ટ થયા છે તેવી રજૂઆત સાથે કલેકટર એસ.ડી.એમ વિગેરે સમક્ષ રાવ કરી હતી અને આવેદનપત્રો પણ અપાયા હતા.પરંતુ નકલી NA પ્રકરણમાં તપાસ દરમિયાન સરકારી જમીન ઉપર દબાણ હોવાનું કૌભાંડ બહાર આવવા પામ્યું હતું દાહોદ ગામની સર્વે નંબર ૧૦૦૩ ની સદર જમીન ઈજનેર ખાતાને મોરમ માટેની/ સરકારી પડતર અને રસ્તા પૈકીની જમીન હોવાનું બહાર આવ્યું હતું.અત્રેના સાંગા ફળિયાના ગોડાઉન ધારકો અને દુકાન ધારકોએ નામદાર ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા.જેમાં ગુજરાત હાઈકોર્ટે દાહોદના ૫૮ કરતાં પણ વધુ કબજેદારોને દબાણકર્તાઓને સાંભળ્યા વગર નિર્ણય ન લેવાનું ડાયરેક્શન આપ્યું હતું.અને આમ જે તે સમયે ગોડાઉન ધારકો અને દુકાનદારોને જીવનદાન પ્રાપ્ત થયું હતું.અને સ્થળ પરથી સંબંધિત તંત્રને પાછું ફરવું પડયું હતું.ત્યારબાદ હાઈકોર્ટના ડાયરેકશન મુજબ હાઈકોર્ટ ની રજૂઆત મુજબ દબાણ કર્તાઓને ઓક્ટોબર માસમાં ૨૪, ૨૫.અને ૩૦ તારીખ આપવામાં આવી હતી ત્યારબાદ નવેમ્બર માસમાં ૧૧ અને ૧૮ તારીખની મુદતો આપી તમામને હાજર રાખી મૌખિક તથા લેખિત જવાબો લીધા હતા.એટલું જ નહીં હાજર રહેલા લોકો પછી વધુ સુનાવણીની જરૂરિયાત ન હોય આ કેસને ઠરાવ ઉપર લેવામાં આવ્યો હતો.આ કેસમાં સરકાર તરફે મામલતદાર સામેવાળા એટલે કે દબાણ કરતાં નંબર એક થી ૫૮ તથા અન્ય દબાણ કરતાઓને આખરે તમામ હકીકત તપાસી આગામી ૧૫ દિવસમાં સ્વખર્ચે પોતાનો દબાણ દૂર કરવાનું જણાવવામાં આવતા પુનઃ એકવાર વેપારી આલમમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.જોકે મામલતદાર કે. ગોહિલના આ હુકમની સામે સક્ષમ અધિકારી સમક્ષ અપીલની રાહ મેળવી શકવાનું જણાવવામાં આવતા સમગ્ર વેપારી આલમ પુનઃ એકવાર સક્ષમ અધિકારી સમક્ષ તથા કોર્ટ રાહે લડત આપશે તેમાં બેમત નથી.

## પંચમહાલ જિલ્લા સહકારી સંઘની ચુંટણી ૨૮ ફેબ્રુઆરીએ યોજાશે

ગોધરા,

ધી પંચમહાલ જિલ્લા સહકારી સંઘની વ્યવસ્થાપક સમિતીની ચુંટણી દર ૫ વર્ષે યોજાય છે. સંઘની મુદ્દત પુર્ણ થતાં ગોધરા એસડીએમ અને ચુંટણી અધિકારીએ એન.બી.મોદી દ્વારા ચુંટણી માટેનુ જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ સ્થાનિક રાજકારણ ગરમાયુ છે. ચુંટણી અધિકારીએ તા.૧૦ જાન્યુઆરીએ કાચલાઉ મતદાર યાદી જાહેર કરી છે. આખરી મતદાર યાદી તા.૩૧ જાન્યુઆરીએ જાહેર કરશે. સંઘની ચુંટણીને લઈને મંડળીના અધિકૃત વ્યકિતને મત આપતો ઠરાવ અને મંડળીનો ઓડિટ રિપોર્ટ ૨૧ જાન્યુઆરી સુધી રજુ કરવાનો રહેશે.સંઘની ૧૩ બેઠકો માટે તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન દલુની વાડી પ્રાથમિક શાળામાં યોજાશે. ઉમેદવારી પત્રો તા.૧થી ૭ ફેબ્રુઆરી સુધી ગોધરા પ્રાંત કચેરીમાં મેળવવાના રહેશે. તા.૧૭ ફેબ્રુઆરી સુધી ફોર્મ પાછા ખેંચવા અને આખરી ઉમેદવારની યાદી તા.૧૮ ફેબ્રુઆરીના રોજ પ્રસિદ્ધ થશે. તા.૨૮ ફેબ્રુઆરીએ મતદાન થયા બાદ તા.૧ માર્ચે પ્રાંત કચેરીમાં મત ગણતરી થશે. ત્યારે ધી પંચમહાલ જિલ્લા સહકારી સંઘ દ્વારા ચુંટણીને લઈને પેટા નિયમો બનાવીને જિલ્લા રજીસ્ટારે મંજુર કર્યા છે. જેમાં જે મંડળી સતત ૩ વર્ષ સુધી લવાજમ ભરેલ હશે તે મંડળીના સભ્ય ઉમેદવારી પત્ર ભરી શકશે. તેમજ મંડળીનુ ઓડિટ વર્ગ-ડ તે ચુંટણી લડી શકશે નહિ. સંઘની ૧૩ બેઠકો માટેની ચુંટણી પ્રક્રિયા શરૂ થતાં સંઘ દ્વારા પેટા નિયમો બનાવતા કેટલીક મંડળીઓ ચુંટણીમાં ભાગ લઈ શકશે નહિ. જેને લઈને જિલ્લામાં રાજકિય ગરમાવો આવ્યો છે. નવા પેટા નિયમોને લઈને રજુઆતો કરી છે. ત્યારે ધી પંચમહાલ જિલ્લા સહકારી સંઘની ચુંટણીનુ રણશિંગુ ફુંકાયુ પણ સંઘ દ્વારા પેટા નિયમો મંજુર કરાવતા ચુંટણી રસપ્રદ બનશે તેમ લાગી રહ્યુ છે.

## શહેરાના ગ્રામ્ય વિસ્તારમાં લીઝ ન હોવા છતાં નદી અને કોતરોમાંથી ગેરકાયદેસર રેતીનુ ખનન



શહેરા,

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલી નદી અને કોતરમાં લીઝ નહિ હોવા છતાં મોટા પાયે રેતી ખનન થઈ રહ્યું હોવાથી ખનીજ ચોરોને ઘી કેળા થઈ જવા સાથે દિવસ દરમિયાન ટ્રેક્ટર સહિતના અન્ય વાહનોમાં ગેરકાયદે રેતીની હેરાફેરી પણ વધી રહી હોવા છતાં આ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. જયારે ખનીજ વિભાગના નિયમોનું પાલન રેતી ભરેલા ટ્રેક્ટર સહિતના વાહનોમાં નહીં થતું જોવા મળવા સાથે સ્થાનિક અને જિલ્લાના તંત્રનો કોઈ ડર ન હોય તેમ ગેરકાયદે ખનીજ ભરેલા વાહનો બિન્દાસ્ત તાલુકા સેવાસદન અને પોલીસ ચોકી સહિતના વિસ્તારોમાંથી નીકળી રહ્યા હતા.જોકે જિલ્લા ખાણ ખનીજ વિભાગ અને સબંધિત મામલતદાર સહિતના તંત્ર દ્વારા છુપી રીતે મીઠી નજર ન રાખીને ખનીજ ચોરી કરનારાઓ સામે કડક દાખલા રૂપ કાર્યવાહી કરવામાં આવે તો ખનીજ ચોરી અટકી શકે તેવી શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી, તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં લીઝ નહી હોવા છતાં પણ દિવસ દરમિયાન ટ્રેક્ટર સહિતના વાહનોમાં જે રીતે ગેરકાયદે રેતીને હેરાફેરી થતી હોય ત્યારે સંબંધિત તંત્ર આ સામે કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારી દ્વારા આદેશ કરવામાં આવશે ત્યારબાદ આ સામે કાર્યવાહી કરવામાં આવશે એવું લાગી રહ્યું છે.

## ગોધરા સિવિલ હોસ્પિટલમાં જીવના જોખમે સેફટી વગર કલરકામ કરતા શ્રમિકો

ગોધરા,

ગોધરા સિવિલ હોસ્પિટલની ચાલતી કલરની કામગીરીમાં કોન્ટ્રાકટરની બેદકારી જોવા મળી હતી. ગોધરા સિવિલ હોસ્પિટલની ઈમારતના બીજા માળે કલર કામની કામગીરી ચાલી રહી છે. કલરકામ કરતા કારીગરો ઉંચાઈ પર કામ કરતા હોવા છતાં હેલ્મેટ, દોરડાં કે કોઈ પણ સુરક્ષાના સાધન વગર કોન્ટ્રાકટર દ્વારા કામગીરી કરાવવામાં આવી રહી છે. વધુમાં કલર કરનાર વ્યકિત ઉંચાઈ પર એક જગ્યાએથી બીજી જગ્યાએ જતો હતો. જેને હોસ્પિટલ ખાતે આવનાર લોકો તેમને નિહાળી રહ્યા હતા. આટલી ઉંચાઈ પર જીવના જોખમે આ શ્રમિક કામગીરી કરી રહ્યો છે જો નીચે પટકાઈ જાય અને કોઈ ઘટના ઘટે તો જવાબદાર કોણ...? જે જોતા કોન્ટ્રાકટરની ગંભીર બેદરકારી સામે આવી છે.

## ગોધરાના હમીરપુર મુખ્ય માર્ગ પર વીજપોલ અને વીજ ટ્રાન્સફોર્મર પડી જવાની હાલતમાં

ગોધરા,

ગોધરા હમીરપુર મુખ્ય માર્ગ પાછલા ઘણા સમયથી એક વીજપોલ સહિત ટ્રાન્સફોર્મર નમી જતાં રાહદારીઓ માટે ભારે અકસ્માતનુ જોખમ ઉભુ થવા પામેલ છે. ગમે ત્યારે આ વીજપોલ ટ્રાન્સફોર્મર સહિત જમીનદોસ્ત થઈ જવાની તૈયારીમાં છે.

ગોધરા શહેર પાસે આવેલ શહેરની હમીરપુર મુખ્ય માર્ગ જે માર્ગ બગીડોર, અંબાલી, નાની કાટડી સહિત અનેક ગામોને જોડતો મુખ્ય માર્ગ હોવાથી આ માર્ગ પર મોટાપાયે અવર જવર રહેતી હોય છે.જેથી ટ્રાફિક પણ વધુ રહેતો હોય છે. પાછલા ઘણા સમયથી મુખ્ય માર્ગ પાસે આવેલ એક વીજપોલ સહિત ટ્રાન્સફોર્મર નમી ગયેલી હાલતમાં પામેલ છે. જે ગમે ત્યારે જમીનદોસ્ત થવાની સ્થિતિમાં છે. જેને લઈને અવર જવર કરતા લોકોમાં અકસ્માતની ભિતી સેવાઈ રહી છે. મુખ્ય માર્ગ પર નમી ગયેલ વીજપોલને કારણે સ્થાનિકો તેમજ રાહદારીઓ અવર જવર કરતા પણ ડરી રહ્યા છે. ઘણા સમયથી આ સ્થિતિ હોવા છતાં આજદિન સુધી રિપેરીંગ કામગીરી હાથ ન ધરતા વીજતંત્રની ઘોર બેદરકારી સામે આવી છે.

## પંચમહાલ ભાજપમાં જિલ્લા પ્રમુખ માટે આંતરિક ખેંચતાણમાં અને જુથબંધીને લઈ પ્રમુખની જાહેરાત અટવાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લા ભાજપના નવા પ્રમુખની નિમણુંક મુદ્દે ગંભીર મતભેદો સામે આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ પદ માટે ૩૯ દાવેદારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે. આ પ્રમુખની વરણીમાં સાંસદ અને ધારાસભ્યોના જુથો વચ્ચે સ્પર્ધા જોવા મળી રહી છે.

ગુજરાત રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની આગામી ચુંટણીઓને ધ્યાનમાં રાખીને ભાજપ હાઈકમાન્ડ દ્વારા રાજ્યભરમાં સંગઠનની નવી રચના કરવામાં આવી રહી છે. પાલિકા અને પંચાયતોની ચુંટણીઓમાં વિજય મેળવવા માટે સક્ષમ નૈતૃત્વની પસંદગી કરવામાં આવી રહી છે. પરંતુ પંચમહાલ જિલ્લામાં સ્થાનિક નેતાગીરી વચ્ચેના મતભેદોને કારણે ભાજપ જિલ્લા પ્રમુખ માટેના નિર્ણય અટવાઈ પડ્યો છે. પંચમહાલ જિલ્લાના સાંસદ અને ધારાસભ્યો દ્વારા પોતાના પોતાના માણીતા ઉમેદવારોની તરફેણમાં લોબિંગ શરૂ કર્યુ છે. પંચમહાલ જિલ્લા ભાજપના પ્રમુખ માટે વર્તમાન પ્રમુખને ફરી તક આપવી કે અથવા નવા ચહેરાને આગળ લાવવો તે અંગેના મતભેદો સામે આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખની જાહેરાત કરતા પહેલા કેન્દ્રિય નેતૃત્વ દ્વારા પક્ષની આંતરિક કલહની અને આવનાર સમયમાં સમસ્યાઓ ન સર્જાય તેવુ મુલ્યાંકન કર્યા બાદ કોઈ નિર્ણય લેશે તેવુ જણાઈ રહ્યુ છે.

## શહેરા પાસે પાનમ યોજનાની જમણા કાંઠાની મુખ્ય નહેરનુ કામ પુર્ણ

શહેરા,

પંચમહાલમાં પાનમ યોજના વિભાગ હસ્તકની પાનમ હાઈલેવલ યોજનાની કામગીરી પૈકી જમણા કાંઠા મુખ્ય નહેરની શાખા ૨/એલએની બાકી રહેલ કામગીરી પાનમ વિભાગ દ્વારા પુર્ણ કરવામાં આવી છે. જેમાં સિંચાઈ માટે અંદાજિત ૨.૭ કિ.મી.લંબાઈની કેનાલ હાલ પાનમ વિભાગ દ્વારા પાણી છોડવામાં આવ્યુ છે. જે કામગીરી પુર્ણ થતાં શહેરા તાલુકામાં આવેલ સંભાલી, ગમન બારીયાના મુવાડા તેમજ લુણાવાડા તાલુકાના હાથીવન અને ઝઘડી જેવા સિંચાઈથી વંચિત ગામોના અંદાજિત ૫૦૦ હેકટર જેટલા વિસ્તારને સિંચાઈના પાણીનો લાભ મળી શકશે. સાથે જ આ વિસ્તારના ખેડુતો ત્રણેય સીઝનનો પાક લઈ શકશે. જેને લઈને આ વિસ્તારના ગામોમાં આવેલ કુવાઓ અને બોરના પાણીના સ્તરમાં ઉંચા આવવાની સાથે વધારો થશે. તેમજ પશુપાલકોને પશુધન માટે પીવાના પાણીની અછત દુર થશે. જેથી સિંચાઈથી વંચિત ખેડુતોનુ આર્થિક ધોરણ ઉંચુ આવશે. જેને લઈને આ વિસ્તારના ખેડુતો અને પશુપાલકોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## કતવારા અને ગરબાડા તાલુકામાં દુકાનમાં ચોરીના બનાવમાં ચાર આરોપીને બાતમીના આધારે ઝડપ્યા

દાહોદ,

દાહોદના કતવારા અને ગરબાડા તાલુકા વિસ્તારમાં દુકાનમાં થયેલ ચોરીના બનાવમાં પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સના માધ્યમથી ચોરીના ત્રણ અનડીટેક્ટ ગુના ડિટેક્ટ કરી ચોરીમાં ગેલ સરસામાન કિંમત રૂા.૯,૭૪૭ના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓને દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિઓને અટકાવવા, જુગારના અડ્ડાઓ ઉપર રેડ પાડવા, નાસતાં ફરતાં આરોપીઓને પકડી પાડવા તેમજ અસામાજીક તત્વોને ઝડપી પાડવા માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ દાહોદ એલસીબી પોલીસ દાહોદના કતવારા ગામે પેટ્રોલીંગમાં હતી ત્યારે તેઓની બાતમી મળી હતી કે, દાહોદના કતવારા અને ગરબાડા તાલુકા વિસ્તારમાં દુકાનમાં ચોરી કરનાર આરોપીઓ દાહોદના આગાવાડા રોડ નાની ભીટોડી બસ સ્ટેશનમાં બેસેલા છે. તે બાતમીના આધારે પોલીસે સ્થળ પર તપાસ કરતાં શંકાસ્પદ ચાર ઈસમોની પોલીસે સ્થળ પર પુછપરછ કરી હતી ત્યારે પોલીસને સંતોષકારક જવાબ ન મળતાં પોલીસે ચારેય આરોપીઓને પોલીસ મથકે લાવી સઘન પુછપરછ કરતાં આરોપીઓમાં કલાભાઈ દિતાભાઈ ઝવરાભાઈ ગુંડીયા, દિનેશ વિછીયાભાઈ મંગળીયાભાઈ ગુંડીયા, તોફાનભાઈ ઉર્ફે તુફાન મગનભાઈ ઝવરાભાઈ ગુંડીયા અને પરેશ રમુભાઈ મોતીયાભાઈ ગુંડીયા (ચારેય રહે. આગાવાડા, નવાપરા ફળિયું, તા.જિ.દાહોદ) નાઓએ દાહોદના કતવારા અને ગરબાડા તાલુકા વિસ્તારમાં દુકાનમાં ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પોલીસે તેઓની પાસેથી ચોરીમાં ગયેલ ૯,૭૪૭નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાત મલ્ટિસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ગોધરા ખાતે ડાયાલીસીસ કેર સુવિધા પુરી પાડશે

ગોધરા,

ગુજરાત, ૯ જાન્યુઆરી, ૨૦૨૫ – નેફ્રોપ્લસ, ભારતની અગ્રણી અને સૌથી વિશ્વસનીય ડાયાલીસીસ નેટવર્ક, દ્વારા કટીંગૃએડ્જ ડાયાલીસીસ કિલનીકની ગુજરાત મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ ગોધરા, ગુજરાત ખાતે શરૂઆત કરવામાં આવી છે. નવી ફેસીલીટીનો હેતુ આ વિસ્તારની મોર્ડન ડાયાલીસીસ ટ્રીટમેન્ટ્સ માટેની વધતી જરૂરીયાતોને પહોંચી વળવાનો છે. આ રજૂઆત નેફ્રોપ્લસ દ્વારા માં યોજના સ્કીમ હેઠળ ભારતભરમાં વ્યાજબી, ઉચ્ચ-ગુણવત્તાની ડાયલીસીસ કેર સુવીધા પુરી પાડવા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરે છે, જેમાં નાના શહેરો જેવા કે ગોધરાનો પણ સમાવેશ થાય છે.


નવ નિર્મીત ડાયલીસીસ સેન્ટરમાં દર્દીની સારવાર અને સુવિધાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારના પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ કિલનીક, જે ખાનગી હોસ્પીટલમાં છે, જે સ્વસ્છની સાથોસાથ ચોખ્ખાઈ વાળું વાતાવારણ પુરું પાડે છે જે દર્દીઓને ઉચ્ચસ્તરની સુરક્ષા અને સગવળની ખાતરી કરે છે. તે સરકારી કાર્યક્રમ હેઠળ કાર્યરત છે, જે સ્થાનિક લોકો માટે ડાયલીસીસ સેવાઓને ઉપલબ્ધ બનાવે છે અને વાજબી બનાવે છે. આ સુવિધા ૨૪ ૭ કાર્યરત હોય છે જે અનુકૂળ સમયની છુટછાટ છે અને ૫ ખાસ પથારીઓ જે દર્દીઓની જરૂરીયાતને પુરી કરશે. રજૂઆત વિશે વાત કરતાં, કમલ ડી શાહ – કો-ફાઉન્ડર – નેફ્રોપ્લસ જણાવે છે કે, અમે ગુજરાત મલ્ટીસ્પેશીયાલીટી હોસ્પિટલ ગોધરાને અમારી કુશળતા ઓફર કરવામાં આનંદ અનુભવીએ છે. આ જોડાણ અદ્યતન ડાયલીસીસ કેરને એકસેસીબલ અને વાજબી બનાવવાની એકસમાન પ્રતિબદ્ધતાને દર્શાવે છે. દર્દીઓ ડાયલીસીસ પુરા પાડનારાઓ અને સરકારી પહેલના આ જોડાણની મદદથી હવે કટીંગ-એડ્જ થેરાપીઓને સુરક્ષીત અને સ્વચ્છ વાતાવરણમાં મેળવી શકશે

નેફ્રોપ્લસ ડાયલીસીસ કિલનીક ગુણવત્તા અને વ્યાજબીપણા પર ભાર મુકે છે, અને ઓછી રાહ જોવી પડે તેવી સુવિધા ધ્યાન આપનાર ડાયલીસીસ સ્ટાફ, અને ડો. સંકેત સોની દ્વારા વ્યકિતગત પોષણ સંભાળ પણ ઓફર કરે છે.

નેફ્રોપ્લસ ડાયલીસીસમાં ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવાનું ચાલું રાખે છે અને ભારતભરના સમુદાયોને વૈશ્વિક સ્તરની શ્રેષ્ઠ ડાયલીસીસ સેવાઓ પુરી પાડવા માટે સમર્પિત રહે છે.

## ઘોઘંબા નગરમાં આવેલ હાઈસ્કૂલ પાસે એક ટ્રેલર અચાનક સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતા કપડાની દુકાનમાં ઘૂસી જતા એકનુ મોત

ઘોઘંબા નગરમાં આવેલ એસ.એચ.વરીઆ હાઈસ્કૂલ પાસે તંબુ બાંધી ગરમ કપડાનો સેલ લગાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા પ્રવીણભાઈ રાજપુત તથા તેમના પત્ની પિન્કીબેન ગત રાત્રે જમી પરવારી પોતાની દુકાનમાં સુતા હતા તે સમય દરમિયાન રાત્રી સમયે અંદાજે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ એક ટ્રેલર GJ ૦૨ ણણ ૪૪૯૫ બિરસા મુંડા સર્કલથી ઘોઘંબા તરફ આવી રહ્યું હતું તે દરમિયાન ચાલક ગફલત



ભરી રીતે હંકારી આવતો હોય અચાનક સ્ટેરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતા ટ્રેલર રોડની સાઈડમાં આવેલ ગરમ કપડાની દુકાનમાં ઘૂસી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં દુકાનમાં સૂતેલા પિન્કી દેવી ઉપર ટ્રેલરનું આગળનું ટાયર ચડી જતા તેઓનું ઘટના સ્થળે મોત નીપજયું હતું તેમજ તંબુ નીચે દબાયેલા પ્રવીણ રાજપૂતે બૂમાબૂમ કરતાં આસપાસથી લોકો દોડી આવ્યા હતા અને પ્રવીણભાઈને બહાર કાઢ્યા હતા ટ્રેલર ચાલકની ગફરત ભરી ભૂલે ચાર સંતાનોના માથેથી માતાની મમતા છીનવી હતી સદભાગ્યે દંપતીએ ગત રાત્રે બાળકોને સુવા માટે ઘરે મોકલી દીધા હતા જેથી મોટી જાનહાની ટળી હતી આ બાબતની ફરિયાદ મુખત્યારસિંહ રાજપુતે રાજગઢ પોલીસમાં મથકે નોંધાવી હતી રાજગઢ પોલીસે ટ્રેલર ચાલક મદન લાડુ કથક સામે કાયદેસરનો ગુનો નથી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઝાલોદ તાલુકા પંચાયતના ટી.ડી.ઓનું અરજી આપવા ગયેલ કાર્યકર્તાઓ સાથે પત્રકાર સામે જ દાદાગીરી કરતું વલણ જોવા મળ્યું

ઝાલોદ,

ઝાલોદ તાલુકા પંચાયત ખાતે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ એક લેખિત આવેદનપત્ર આપવા માટે તાલુકા પંચાયત ઓફિસે પહોંચ્યા હતા. તાલુકા પંચાયત ટી.ડી.ઓ ની મંજૂરી મેળવી આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ તેમજ પત્રકાર ઓફિસની અંદર પ્રવેશ કર્યો હતો. ઓફિસની અંદર સહુ કાર્યકર્તાઓ ખુરશી પર બેઠા હતા તેનો વિડિયો લેતા ટી.ડી.ઓ લાલઘુમ થઈ ગયેલ હતા તેમજ તેઓ સરમુખત્યારશાહી જેવું વલણ કરવા લાગ્યા હતા અને એક અધિકારી કક્ષાના અધિકારી ને ન શોભે તેવું વલણ શબ્દો દ્વારા તેઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સરકાર આજે અધિકારીઓ ને પ્રજાના મિત્ર સમજી દરેક અધિકારીઓને સાથે કામગીરી કરવા માટે માર્ગદર્શન આપે છે પણ અહીં જોતા તો એવું લાગ્યું હતું કે અહીંયા તો રાજાશાહી છે લોકશાહી નથી. એક અધિકારી વ્યકિત અરજી આપવા આવેલ વ્યકિતઓ જોડે પત્રકાર સામે ઉગ્ર ભાષાનો ઉપયોગ કરી વાતો કરતા હોય તો એક-બે વ્યકિત કે સામાન્ય વ્યકિતની રજૂઆતો કયાં સાંભળતા હશે. આવા અધિકારી જે પ્રજા સાથે ભળી કામગીરી ન કરી શકતા હોય તો આવા અધિકારીઓ ને સસ્પેન્ડ કરવામાં આવવા જોઈએ. આ સરકારી કચેરીમા બેસી રાજા જેવો ઠાઠ કરતા અધિકારીઓ ને પાઠ ભણાવવા સરકાર જાતે સ્ટીંગ ઓપરેશન કરી આ વિશે ખરાઈ કરી આવા અધિકારીને સસ્પેન્ડ કરે તેવું હાલ તો રજૂઆત કરવા આવેલ લોકોની માંગ છે...સરકારી તંત્ર હવે આવા આપખુદ શાહી ચલાવનાર અધિકારી પર પગલાં લેશે કે નહીં તે જોવું રહ્યું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.126